નેશનલ ન્યુટ્રીશન મિશન (NNM) હેઠળની રાજ્ય, જિલ્લા અને ઘટક કક્ષાની જગ્યાઓ આઉટસોર્સથી ભરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ આઇસીડી/૧૦૨૦૨૧/૫૧૩/બ-૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૧/03/૨૦૨૨

**વંચાણે લીધાઃ-**

(1) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૮/૧૨૩૨/બ-૧, તા.૧૯/૦૭/૨૦૧૮.

(2) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૧૨૦૧૯/૧૬/બ, તા.૨૩/૦૧/૨૦૧૯.

(3) મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો ઠરાવ, તા.૦૯/૦૪/૨૦૨૧.

(4) મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો ઠરાવ, તા.૨૪/૦૮/૨૦૨૧.

(5) મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો ઠરાવ, તા.૧૬/૧૧/૨૦૨૧.

**આમુખ**

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી નેશનલ ન્યુટ્રીશન મિશન (NNM) હેઠળની રાજ્ય કક્ષાની ૧૫ જગ્યાઓ, જિલ્લા કક્ષાની ૫૨ (બાવન) જગ્યાઓ અને ઘટક કક્ષાની ૫૫૦ જગ્યાઓને આઉટસોર્સથી ભરવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (૨) પરના ઠરાવથી NNM હેઠળની જિલ્લા કક્ષાની ૧૪ જગ્યાઓ અને ઘટક કક્ષાની ૧૨૨ જગ્યાઓને આઉટસોર્સથી ભરવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (૩) થી (૫) પરના ઠરાવથી NNM હેઠળની ઉપર મુજબની કુલ-૭૫૩ જગ્યાઓને તા.૩૧/03/૨૦૨૨ સુધી આઉટસોર્સથી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. જે અન્વયે ઉક્ત જગ્યાઓની આઉટસોર્સની સેવાઓ લંબાવવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

//ઠરાવ//

૨/- NNM હેઠળની નીચે મુજબની રાજ્ય કક્ષાની ૧૦ જગ્યાઓ, જિલ્લા કક્ષાની ૬૫ જગ્યાઓ અને ઘટક કક્ષાની ૬૬૩ જગ્યાઓ એમ કુલ ૭૩૮ જગ્યાઓ આઉટસોર્સથી ભરાયેલ હોવાની શરતે આ તમામ ૭૩૮ જગ્યાઓની આઉટસોર્સની સેવાઓ માન્ય એજન્સી મારફત વધુ ૧૧ માસ અથવા ભારત સરકાર દ્વારા સદર યોજનાની લંબાવેલ મુદત પૈકી જે વહેલું હોય તેટલા સમયગાળા માટે ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે:

1. રાજ્ય કક્ષાની જગ્યાઓ

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | માસિક ફિક્સ વેતન (રૂ.) |
|---|---|---|---|
| ૧ | કન્સલ્ટન્ટ | 3 | ૬0,000 |
| ૨ | એકાઉન્ટન્ટ | 3 | 30,000 |
| 3 | પ્રોજેક્ટ એસોસીએટ | ૧ | ૨૫,000 |
| ૪ | સેક્રેટરી આસિસ્ટન્ટ/ડીઈઓ | ૧ | ૧૫,000 |
| ૫ | ઓફીસ મેસેન્જર/પ્યુન | ૨ | ૮,000 |
| કુલ | | ૧૦ | |

2. જિલ્લા કક્ષાની જગ્યાઓ

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | માસિક ફિક્સ વેતન (રૂ.) |
|---|---|---|---|
| ૧ | ડીસ્ટ્રીક્ટ કો-ઓર્ડીનેટર | ૩૩ | 30000 |
| ૨ | ડીસ્ટ્રીક્ટ પ્રોજેક્ટ આસિસ્ટન્ટ | ૩૨ | ૧૮000 |
| કુલ | | ૬૫ | |

3. બ્લોક કક્ષાની જગ્યાઓ

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | માસિક ફિક્સ વેતન (રૂ.) |
|---|---|---|---|
| ૧ | બ્લોક કો-ઓર્ડીનેટર | ૩૩૪ | ૨0000 |
| ૨ | બ્લોક પ્રોજેક્ટ આસિસ્ટન્ટ | ૩૨૯ | ૧૫000 |
| કુલ | | ૬૬૩ | |

૩/- મુદત પૂર્ણ થયાના એક માસ અગાઉ જરૂર જણાય તો પુન: દરખાસ્ત કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૩૧/૦૩/૨૦૨૨ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ. જી. રાજ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.......................
6. નાયબ નિયામકશ્રી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ.
7. પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ........................
8. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
9. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
10. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
11. નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
12. શાખા સિલેક્ટ ફાઇલ.